અપીલ અરજી નં.૩૨૮ તા .૭–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભીમજીભાઈ પી.લાઠીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીમજીભાઈ પી.લાઠીયાની તા. ૨–૯–૧૧ની અરજીથી રહેઠાણ વિભાગમાં ઈન્ડસ્ટ્રીયલ ગતિવિધી બાબતે કઈ કલમ અનુસાર મંજુરી આપેલ છે તે ખુલાસો કરવો, અમારી સોસાયટીમાં કોર્મશીયલ હેતુનો ઉપયોગ ચાલુ છે તે બાબતે જે તે કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓને અનેક વખત લેખીત–મૌખિક રજુઆત કરવા છતાં આજદિન સુધી કોઈપણ પગલાં લીધેલા નથી તે બાબતે ખુલાસો આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૭–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૮/૨૦૧૧–૧૨

શ્રી ભીમજીભાઈ પી.લાઠીયાની તા. ૨–૯–૧૧ની અરજીથી રહેઠાણ વિભાગમાં ઈન્ડસ્ટ્રીયલ ગતિવિધી બાબતે કઈ કલમ અનુસાર મંજુરી આપેલ છે તે ખુલાસો કરવો. અમારી સોસાયટીમાં કોર્મશીયલ હેતુનો ઉપયોગ ચાલુ છે તે બાબતે જે તે કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓને અનેક વખત લેખીત–મૌખિક રજુઆત કરવા છતાં આજદિન સુધી કોઈપણ પગલાં લીધેલા નથી તે બાબત ખુલાસો આપવા બાબતે અમારા સવાલનો ગોળગોળ જવાબ આપી સવાલને રફેદફે કર્યો હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૭–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીના વિષય–વસ્તુ અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા તથા** વધુમાં અરજદારે અગાઉ કોઈ રજુઆત કરેલ છે કે કેમ ? જો હોય તો તે અંગે થયેલ દફતરી કાર્યવાહીની વિગત પણ આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૨ તા.૧૭–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી તથા ફી ભર્યાની વિગત સહ જાહેર માહિતી અધિકારીના મળેલ પ્રત્યુત્તરની નકલ તેમજ " ગોળગોળ ,રફેદફે " ના દાવા અંગે સમર્થન સહ/ આધાર સહ સ્પષ્ટતા કરવા તથા વધુમાં તેમની અરજીમાંની રજુઆત અનુસાર અનેક વખત કરેલ રજુઆતના સમર્થનમાં આધાર– નકલ સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૩૭ તા.૧૫–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૯૨૬ તા.૩–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૩૭ સપ્ટે. ૧૧ ના પત્રની નકલ, અરજદારની ચૂંટણી કાર્ડની ઝેરોક્ષ નકલ, ભીમજીભાઈ પરસોત્તમભાઈની ટોરેન્ટ પાવર ઓગષ્ટ–૧૧ ના ઈલે. બીલની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/ ૯૨૬ તા.૩–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ /૪૩૭ સપ્ટે. ૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અમારા સવાલનો ગોળગોળ જવાબ આપી સવાલને રફેદફે કર્યો હોવાનું જણાવી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તા.૭–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.૧ રહેઠાણ વિભાગમાં ઈન્ડસ્ટ્રીયલ ગતિવિધી બાબતે કઈ કલમ અનુસાર મંજુરી આપેલ છે તે ખુલાસો કરવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રહેઠાણ વિભાગમાં ઈન્ડ. ગતિવિધિ બાબતે વરાછાઝોન કક્ષાએથી કોઈ પણ જાતની પરવાનગી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) અમારી સોસાયટીમાં કોર્મશીયલ હેતુનો ઉપયોગ ચાલુ છે તે બાબતે જે તે કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓને અનેક વખત લેખીત–મૌખિક રજુઆત કરવા છતાં આજદિન સુધી કોઈપણ પગલાં લીધેલા નથી તે બાબત ખુલાસો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્વઝોન (વરાછા) કચેરી તરફથી એમ્બ્રોડરી મશીનો દુર કરવાની / કરાવવાની કાર્યવાહી થયેલ છે અને ૯૦ થી ૯૫% એમ્બ્રોડરી મશીનો દુર થયેલ છે. રહેઠાણોની સોસા.માં કોમર્શીયલ હેતુ /વપરાશ કરનાર વપરાશ કર્તાઓને વરાછાઝોન કક્ષાએથી કોઈ કોમર્શીયલ તરીકેની તરીકેની પરવાનગી આપવામાં આવી નથી તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં કરેલા દાવા અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૨ તા.૧૭–૧૦–૧૧ થી ગોળ ગોળ અને રફેદફે કરવા બાબતે તેમજ અનેક વખત કરેલ રજૂઆતના સમર્થનમાં આધાર માંગવામાં આવેલ. પરંતુ અરજદાર તેમ

કરવામાં સફળ રહેલ નથી. વધુમાં અરજદારે માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જણાવવામાં આવેલ છે. તેમજ ૯૦ થી ૯૫ ટકા એમ્બ્રોઈડરી મશીનો દુર થયેલ છે. તેમજ કોઈને પણ કોમર્શીયલ મંજુરી આપવામાં આવેલ નથી. તેવું પણ જણાવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અત્રે એ પણ સૂચક છે કે "અરજદારની અનેકવાર રજૂઆત" ના દાવાના સમર્થનમાં બન્નેમાંથી એક પણ પક્ષકાર ધ્વારા અત્રે વિગત રજૂ થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(એસ.એન.મહેતા)
ડે.કમિશનર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભીમજીભાઈ પી.લાઠીયા